# શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી સંચાલિત

## સી.એન.આર્ટ્સ & બી.ડી.કોમર્સ કોલેજ, કડી

### એન.સી.દેસાઈ પેટ્રોલ પંપની સામે હાઈવે રોડ, કડી, જી.- મહેસાણા ૩૮૨૭૧૫

વેબસાઈટ એડ્રેસ :- www.cnbdcollegekadi.org

**જુનિયર કલાર્ક અને સિનિયર કલાર્ક તબકકો- ૧ પ્રાથમિક પરીક્ષા માટે ઉમેદવાર માટે અગત્યની સુચના પરીક્ષા તારીખ: ૨૩/૧૧/૨૦૨૫**

૧. આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો પ્રશ્નો છે. જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટ્નો રહેશે.

૨. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

૩. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તર પત્રકમાં વિકલ્પ E આપેલ છે.

૪. ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજીયાત છે.

૫. પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧(એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ના હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે. તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિ.
- જવાબ ચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો કોલેજ દ્રતા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈ પણ જવાબ માટે એક(૧) ગુણ મળવાપાત્ર થશે.

૬. ઉમેદવાર વાદળી/કાળી બોલ પોઈન્ટર પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરશે નહિ તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહિ.

૭. પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, કાપલી,મોબાઈલ ફોન ,પેજર, કેલ્કયુલેટર, બ્લુટુથ,સ્માર્ટવોચ કે અન્ય વિજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮. પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તએ ગેરશિસ્ત ગણાશે.

૯. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦. પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧. ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરી પત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોટાડી સાથે ફરજીયાત લાવવાનો રહેશે. અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

૧૩. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેકશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ અથવા આધાર કાર્ડ પૈકી કોઈ પણ એક ઓળખપત્ર ની ઓરીજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

૧૪. નિર્ધારીત પરીક્ષા સમય કરતાં ૧ (એક) કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર થવાનું રહેશે.

૧૫. આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલ્કયુલેટર, પેનડ્રાઈવ, સી.ડી. વગેરે જેવા કોઈ પણ વિજાણુ સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬. પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહિ. ૧૭. ઉમેદવાર પરીક્ષા ખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહિ.

૧૮. ચેતવણી સંસ્થા દ્વારા થઈ રહેલ ભરતી પ્રકિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠારાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૯. વિશેષ સુચના: ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

૨૦ પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સુચનાઓ કોલેજની વેબસાઈટ www.cnbdcollegekadi.org પર મુકવામાં આવશે.

૨૧. લાયક પ્રથમ ૦૭ ઉમેદવારોને કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

૨૨. પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવતા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

Principal
C. N. Arts & B.D. Commerce
College, Kadi (N.G.)
Dist. Mehsana

Scanned with OKEN Scanner